અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન
આરોગ્ય વિભાગ
મેટ્રોપોલિટન સર્વેલન્સ યુનિટ
-----------------------------------------------------------------------------------------
બીજો માળ, કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, દિવાન બલ્લુભાઈ સ્કુલની સામે, એન.આઈ.ડી. ચાર રસ્તા પાસે,
પાલડી, અમદાવાદ, ૩૮૦૦૦૭


# અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન આરોગ્ય વિભાગ ખાતે મેટ્રોપોલિટન સર્વેલન્સ યુનિટ ખાતે ૧૧ માસના કરાર પદ્ધતિથી ભરતી કરવા બાબત.

નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એન.સી.ડી.સી.), ગ્રાન્ટેડ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, આરોગ્ય વિભાગ ખાતે મેટ્રોપોલિટન સર્વેલન્સ યુનિટ અમદાવાદ માટે નીચે જણાવેલ સ્ટાફની જગ્યાઓ તદ્દન હંગામી ધોરણે ૧૧ માસના કરાર આધારે ભરવા તથા તેની પ્રતિક્ષાયાદી બનાવવા અરજી મંગાવવામાં આવે છે. નીચે જણાવેલ જગ્યાઓ માટે પોતાનાં શૈક્ષણિક લાયકાત તથા અનુભવના અસલ પ્રમાણપત્રની પ્રમાણિત નકલો સાથે ઉમેદવારે નામ, સરનામું, ઉંમર, શૈક્ષણિક લાયકાત તથા અનુભવની વિગતો નિયત ફોર્મેટમાં સ્વઅક્ષરે ભરી અરજીપત્રક સાથે નીચે મુજબની વિગતે અરજી કરવાની રહેશે.

| S. No. | Name of Post and Number of Post | Number of Vacancy | Age limit | Essential Qualification | Experience | Remuneration (Maximum per month) | Date of Interview |
|---|---|---|---|---|---|---|---|
| 01. | **Senior Public Health Specialist** | 01 | **Not exceeding 60 years*** | **Essential Qualifications: Either 1 or 2 or 3**<br>1. MBBS recognized by Medical Council of India (MCI) with MD (PSM/Community Medicine) / MD (CHA) / MD (Tropical Medicine) recognised by MCI or DNB (Social and Preventive Medicine / Community Medicine);<br>**OR**<br>2. MBBS recognized by MCI with EIS Training Course Certificate.<br>**OR**<br>3. B.Sc. in Life Sciences (Nursing/Biology /Microbiology/ Developmental Biology & Physiology)/ BDS/BPT With<br>A. Masters of Public Health (MPH-Epidemiology) / Diploma in Public Health (DPH-Epidemiology)<br>**OR**<br>B. Master in Applied Epidemiology (MAE) from recognized University of India along with two years of experience in Public Health after acquiring mentioned postgraduate qualifications;<br>**OR**<br>C. PhD in Clinical Sciences/Medical Sc./Preventive Medicine/Human Physiology/ Pathophysiology/ Epidemiology | **Experience required:**<br>≥ 10 years of field experience after obtaining essential qualification in implementing Public Health Programmes / Interventions with a focus on communicable diseases. | 1. Rs 1,75,000 (For MBBS with MD/DNB)<br>2. Rs. 1,50,000 (For MBBS with EIS training Course certificate)<br>3. Rs. 1,25,000 (For B.Sc. in Life Sciences) | તા.૨૯.૦૮.૨૦૨૫ ના રોજ વોક-ઇન ઇન્ટરવ્યુની તારીખ |

## શરતો :

1. અરજદારે અરજી ફોર્મ સાથે લાયકાત તથા અનુભવનાં તમામ પ્રમાણપત્રની પ્રમાણિત નકલ જોડવાની રહેશે. જો પ્રમાણપત્રની નકલ જોડેલ નહી હોય તો તેવી અરજી રદ્દ ગણવામાં આવશે તેમજ અરજી ફોર્મ ભર્યા બાદ અરજીમાં દર્શાવેલ વિગતોના તથા અરજી સાથે જોડેલ પ્રમાણપત્રના અસલ પુરાવા રજૂ નહી કરે તો અત્રેની ઓફીસેથી લીધેલ નિર્ણય છેલ્લો ગણાશે. તે અંગે ઉમેદવારનો કોઇ હક્ક દાવો રહેશે નહી.
2. અરજદારે અરજી ફોર્મ સાથે જોડેલ અનુભવના પુરાવા તરીકેના ઓફર લેટર અને જોઈનીંગ લેટર માન્ય રાખવામાં આવશે નહીં. પરંતુ અનુભવનું પ્રમાણપત્ર, પગાર સ્લીપ સાથે બેંક સ્ટેટમેન્ટ માન્ય રાખવામાં આવશે.
3. આ જગ્યાની ભરતી પ્રકિયાના અનુસંધાને આ જાહેરાતમાં કોઇપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ્દ કરવાની આવશ્યકતા ઊભી થાય તો તેમ કરવાનો સંપૂર્ણ હક્ક/અધિકાર ખાતાના ઉચ્ચ અધિકારીને રહેશે અને ઉચ્ચ અધિકારી આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહી.
4. પસંદ થયેલ ઉમેદવારની નિમણૂંક ૧૧ માસ માટે રહેશે. કોન્ટ્રાકટ પૂર્ણ થતાં જો કર્મચારીની કામગીરી સંતોષકારક હશે તો ૧ દિવસનો બ્રેક આપી તેનો કોન્ટ્રાકટ રિન્યૂ કરવામાં આવશે.
5. પસંદ થયેલ ઉમેદવારે મેટ્રોપોલિટન સર્વેલન્સ યુનિટ, આરોગ્ય વિભાગ, અમદાવાદના વખતોવખત નક્કી થતા ધારાધોરણો પ્રમાણે કામગીરી કરવાની રહેશે.
6. વોક-ઈન ઈન્ટરવ્યુ માટે આવનાર ઉમેદવારને કોઇપણ ભથ્થું મળવા પાત્ર રહેશે નથી.
7. પસંદ થયેલ ઉમેદવારોએ નિમણૂંક અગાઉ નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એન.સી.ડી.સી.), ગ્રાન્ટેડ મેટ્રોપોલિટન સર્વેલન્સ યુનિટ, અમદાવાદ અંતર્ગત કામગીરી કરવાની રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે કોઇ હક્કદાવો રહેશે નહી.
8. સદરહુ જગ્યાઓ માટે જે તે તબક્કે કોઇપણ પ્રકારનું રાજકીય કે સંસ્થાકીય દબાણ કરવામાં આવશે તો તેઓની નિમણૂક રદ કરવામાં આવશે.
9. ઉમેદવારનાં માર્કસ ગ્રેડમાં હોય તેવા ઉમેદવારે જે યુનિવર્સિટી માંથી ડિગ્રી મેળવી હોઇ તે યુનિવર્સિટીનું ગ્રેડને ટકાવારીમાં ફેરવવા અંગેનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
10. નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એન.સી.ડી.સી.), ગ્રાન્ટેડ મેટ્રોપોલિટન સર્વેલન્સ યુનિટ દ્વારા વખતો વખત મળતી સૂચના મુજબ પગાર ધોરણમાં સુધારા વધારા કરવામાં આવશે.
11. પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક અધિકારી ઠરાવે તે શરતોને આધીન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.
12. ઉમેદવારની મેરીટ યાદી ઉમેદવારની આવેલ અરજીઓ ઉપરથી તૈયાર કરવામાં આવતી હોવાથી જો તેમાં કંઇ પણ ક્ષતી અથવા ખોટું કરેલ હોય તેવું જણાશે તો તે ઉમેદવારને મેરિટ લિસ્ટમાં સમાવેશ કરવામાં આવશે નહી.
13. ઉમેદવારની નિમણૂંક અંગે રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકાર દ્વારા સુધારો સુચવવામાં આવે તો તે મુજબ સક્ષમ સત્તાધિકારીશ્રીની મંજૂરીથી તેમાં સુધારો કરવામાં આવશે.
14. સદરહુ જગ્યાઓ માટે નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (એન.સી.ડી.સી.)ના ToR મુજબ ઉમેદવાર ન મળતા આરોગ્ય વિભાગ દ્વારા ધોરણસર પ્રક્રિયાને અંતે સૌથી લાયક ઉમેદવારને પસંદ કરી શકશે.

**<u>વોક-ઇન ઈન્ટરવ્યુ માટે સમય અને સ્થળ:</u>**

| | | |
|---|---|---|
| વોક-ઇન ઈન્ટરવ્યુની તારીખ | : | તા.૨૯.૦૮.૨૦૨૫ |
| રજીસ્ટ્રેશનનો સમય | : | ૧૦:૦૦ થી ૧૧:૦૦ |
| વોક-ઇન ઈન્ટરવ્યુનો સમય | : | ૧૨:૦૦ બપોર કલાકે |
| વોક-ઇન ઈન્ટરવ્યુનું સ્થળ | : | એપિડેમીક બ્રાન્ચ, હેલ્થ મધ્યસ્થ કચેરી, પ્રથમ માળ, આરોગ્ય ભવન, જૂનું ટીબી હોસ્પિટલ કમ્પાઉન્ડ, જુના એસ.ટી. બસ સ્ટેન્ડની સામે, ગીતા મંદિર રોડ, આસ્ટોડિયા દરવાજા પાસે, અમદાવાદ-૩૮૦૦૨૨. |

**નોડલ ઓફિસર અને**
**આરોગ્ય અધિકારી**
**મેટ્રોપોલિટન સર્વેલન્સ યુનિટ**
**અ.મ્યુ.કો.**